ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર કલેકટર કચેરી, ગાંધીનગર મહાનગરપાલિકા અને ગીર ફાઉન્ડેશન ઈન્દ્રોડા પાર્કના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છ ગાંધીનગર હરિયાળું ગાંધીનગર અભિયાન હેઠળ સ્વચ્છતા રેલીનું આયોજન જીમખાના સેકટર ૨૧ પાસેથી કરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા રેલીને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને અન્ય મહાનુભાવોએ લીલી ઝંડી આપીને -સ્થાન કરાવી હતી.

ખેડબ્રહ્મામાં ભૂતિયા નળ જોડાણનો ભરડો

વ્હાઈટ કોલર બિઝનેસમેન અને પ્રતિષ્ઠિત નાગરીકો જ વધુ પ્રમાણમાં ભૂતિયા નળ કનેક્શન ધરાવે છે : ભૂતિયા પાણીના જોડાણ જરૂરી ફી વગર સ્વેચ્છાએ નોંધાવી અધિકૃત કરાવી જવાની પાલિકાની જાહેરાતને ભૂતિયા નળ કનેક્શન ધારકો ઘોળીને પી ગયા

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા પાલિકા દ્વારા પીવાના પાણીના વિતરણમાં ભૂતિયા નળ કનેક્શનની ભરમાર માથાનો દુઃખાવો સાબિત થઈ રહ્યો છે. પાલિકા વિસ્તારમાં જેટલા કાયદેસર નળ કનેક્શન છે તેમને પણ પીવાનું પાણી પુરતુ મળતુ નથી ત્યારે ભૂતિયા નળ કનેક્શન ધારકો બિંદાસ્ત પાણીનો બગાડ કરી રહ્યા હોવાનું બહાર આવ્યું છે. પાલિકા દ્વારા ગત ઓક્ટોબર માસમાં ભૂતિયા પાણીના જોડાણ જરૂરી ફી વગર સ્વેચ્છાએ નોંધાવી અધિકૃત કરાવી જવાની રહેમદિલ જાહેરાતનું પણ સુરસુરીયુ થવા પામ્યું છે. અને શહેરમાંથી એક પણ ભૂતિયા નળ કનેક્શન ધારક સ્વેચ્છાએ જાહેરાત કરી નોંધાવા બહાર આવ્યો નથી. પાલિકા દ્વારા ભૂતિયા નળ કનેક્શન ધારકો સામે લાલ આંખ કરવામાં આવે તેવી રહીશો માગણી કરી રહ્યા છે. પાલિકાની જાહેરાતને છ માસ જેટલો સમય પસાર થઈ ગયો હોવા છતાં કુભકર્ણની નિંદ્રામાં પોઢી રહેલ પાલિકા તંત્ર જાગવાનું નામ લેતુ નથી.

પાલિકા પાસે પાણીનો વિપુલ જથ્થો હોવાછતાં ઉંડાણ અને ઉંચાણ વાળા વિસ્તારમાં આજે પણ પાણી પહોંચતુ નથી ત્યારે ભૂતિયા નળ કનેક્શનનો ભરડો હોવા માટે પાલિકાની બેદરકારી છતી થતાં શહેરમાં પાલિકા તંત્ર ભૂતિયા નળ કનેક્શન ડામવામાં નિષ્ફળ રહ્યુ હોવાની છાપ ઉપસી છે.

પાલિકા દ્વારા પીવાનુ પાણી હાલમાં નિયમિત પુરૂ પાડવામાં આવે છે. તેમ છતાં ભક્તિનગર-શ્યામનગર, મારવાડા જેવા ઉંડાણના વિસ્તારોમાં પુરતુ પાણી ન મળતુ હોવાની બૂમ છે. પાલિકાના પાણી પુરવઠા વિભાગના અધિકારી એસ.પી. પરમારે જણાવ્યું હતુ કે પાલિકા વિસ્તારમાં ૨૪૮૪ નળ કનેક્શન કાયદેસર હોવાથી પાલિકા વેરો વસુલ કરે છે. પાલિકા દ્વારા કાયદેસર નળ કનેક્શન ધારકો પાસેથી સામાન્ય પાણીવેરા ઉપરાંત રૂ. ૬૦૦ ખાસ પાણી વેરો વસુલ કરવામાં આવે છે. વાર્ષિક રૂ. ૬૦૦ વેરો ભરનારને પુરતુ પાણી મળતુ નથી. ત્યારે ભૂતિયા નળ કનેક્શન ધારકો વેરો ભર્યા વગર મફત પાણીનો બિંદાસ બગાડ કરે છે. વાસણા રોડ ઉપરની સોસાયટીના રહીશે જણાવ્યુ હતું કે મારી સોસાયટીમાં જ ત્રણ કનેક્શન ભૂતિયા છે. ખેડબ્રહ્મામાં વ્હાઈટ કોલર બીઝનેશમેન અને પ્રતિષ્ઠિત નાગરીકો જ વધુ પ્રમાણમાં ભૂતિયા નળ કનેક્શન ધરાવે છે અને પાણીનો બગાડ ચોક ધોવામાં અને ગાડીઓની સફાઈ કામગીરીમાં કરે છે. પાલિકા દ્વારા ભૂતિયા નળ કનેક્શન અને મુખ્ય પાઈપથી નીચેના ભાગમાંથી મેળવેલ નળ કનેક્શનનો સર્વે કરવામાં આવે તો વિગતો બહાર આવે તેમ છે. પાલિકાની તા. ૧૫-૧૦-૧૩ ની સામાન્ય સભાના ઠરાવ નંબર ૫૮ થી બીન અધિકૃત પાણીના જોડાણો જરૂરી ફી ભર્યા વગર તા. ૩૧-૧૨-૧૩ સુધીમાં સ્વેચ્છાએ અધિકૃત કરાવી જવાની જાહેરાતને ભૂતિયાનળ કનેક્શન ધારકો ઘોળીને પી ગયા છે ત્યારે પાલિકા દ્વારા ભુતિયા નળ કનેક્શન ધારકો સામે લાલ આંખ કરવા રહીશોની માગણી છે.

મોડાસામાં પર્યાવરણ અંગે રેલી...

પર્યાવરણ સામે જાગૃતતા વધારવાના ઉદ્દેશ સાથે વિશ્વ પર્યાવરણ દિને મોડાસા શહેરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ રેલીને પ્રાંત અધિકારીએ પ્રસ્થાન કરાવ્યું હતું. જે પ્રાંત કચેરીથી ટાઉનહોલ સુધી યોજાઈ હતી. જેમાં નગરપાલિકા, પોલીસ, આંગણવાડી કાર્યકર, લાયન્સ કલબ, જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસાના કર્મચારીઓ-સભ્યો જોડાયા હતા. (તસવીર : અહેમદ ઉલ્લા)

મોડાસાના કૂડોસ ગામે વરઘોડો કાઢવા બાબતે

કલેકટરની દરમિયાનગીરી બાદ જાતિવાદી તત્વો ઢીલા પડયા

મોડાસા, તા.૫

મોડાસા તાલુકાના કૂડોસ ગામમાં વરઘોડો કાઢવા બાબતે કેટલાક જાતિવાદી તત્વોએ પથ્થરમારો કર્યો હતો. આ ઘટનાના સમગ્ર જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. ગામના જાતિવાદી તત્વોએ દલિતોનો સામાજીક બહિષ્કાર કર્યો હતો જેના અનુસંધાને દલિતોની રેલી બાદ અરવલ્લી જિલ્લા કલેકટરે કૂડોસની મુલાકાત લેતા ગામમાં શાંતિ સ્થપાઈ છે.

મોડાસાના કૂડોસ ગામમાં દલિતોએ પુત્રના લગ્નમાં વરઘોડો કાઢતા

ગામના જાતિવાદી તત્વોએ હુમલો કરી પત્થરમારો કર્યો હતો. જેમાં પોલીસ કર્મી પણ ઘાયલ થયો હતો આટલું ઓછું હોય તેમ જાતિવાદી તત્વોએ દલિતોનો સામાજીક બહિષ્કાર કર્યો હતો તેથી દલિતોએ રેલી કાઢી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટને આવેદનપત્ર આપ્યું હતું. જિલ્લા કલેકટરે મામલાની ગંભીરતા સમજી કૂડોસની મુલાકાત લીધી હતી અને ગામ લોકોને સમજાવ્યા હતા. આખરે જાતિવાદી તત્વો ઢીલા પડી ગયા હતા. અને ગામમાં શાંતિ સ્થપાઈ હતી. આ અંગે દલિત ઓગવાન કનુભાઈ પરમારે જણાવ્યું કે આઝાદીના ૬૪ વર્ષ વિતવા છતાં દલિતો સાથે અન્યાય થાય છે જે શરમજનક છે. આટલી મોટી ઘટના છતાં સ્થાનિક ધારાસભ્ય તથા જિલ્લા પંચાયતના સભ્યએ કુડોસની મુલાકાત લઈ દલિતોને મળ્યા નથી તે દુઃખદ બાબત છે. આમ જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટની પ્રજા લક્ષી સુંદર કામગીરીથી કૂડોસના દલિતો પ્રભાવિત થયા હતા. મોડાસામાં કાઢવામાં આવેલી રેલીમાં કનુ પરમાર, નિતીન પંડયા, મુકેશ પરમાર, આર.જી. વણકર, કનુ પાટિલ, રેભાભાઈ ભાભી, નિકુંજ રાઠોડ, વિનોદ સાધુ સહિતના દલિત આગેવાન જોડાયા હતા.

નવા ગામે રસોઈ બનાવતી મહિલાને બચાવવા જતા ત્રણ દાઝયા : એકનું મોત

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના નવા ગામેશનિવારે સાંજેઘરમાં રસોઈ કરતા પ્રાયમસમાં ભડકો થતા સળગતી મહિલાને બચાવવા જતા પતિ, દિયર અને કાકા સસરા દાઝયા હતા જેમાં કાકા સસરાનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ અંગે સિવિલના ફરજ પરના ડોકટરે વડાલી પોલીસને જાણ કરતા પોલીસે બુધવારે મોડી સાંજે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે નવા ગામે ૨ જુનના રોજ શનિવારે સાંજે ૭ વાગેના સુમારે ઘરમાં પ્રસન્નબા પ્રાયમસ પર રસોઈ બનાવતા હતા દરમિયાન અચાનક પ્રાયમસમાં ભડકો થતા પ્રાયમસ પડી ગયો હતો પરિણામે પ્રસન્નબા એકા એક આગમાં લપેટાઈ ગયા હતા જેમને બચાવવા ઘરમાં હાજર તેમના પતિ સિદ્ધરાજસિંહ ઝાલા, દિયર રણજીતસિંહ ઝાલા અને કાકા સસરા મેતુસિંહ ઝાલા દોડી ગયા હતા જેને કારણે ચારેય જણા ગંભીર રીતે દાઝી ગયા હતા. જેથી તમામ દાઝી ગયેલને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે વડાલી સિવિલમાં લઈ ગયા જયાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા જયાંથી અતિ ગંભીર ૩૦ વર્ષીય પ્રસન્નબા સિદ્ધરાજસિંહ ઝાલા અને ૫૫ વર્ષીય મેતુસિંહ ગેમરસિંહ ઝાલાને વધુ સારવાર માટે હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં ખસેડાયેલ હતા જયારે ૩૨ વર્ષીય સિદ્ધરાજસિંહ માલસિંહ ઝાલા અને ૨૯ વર્ષીય રણજીતસિંહ માનસિંહ ઝાલાને હિંમતનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન મંગળવારે મોડી રાત્રીના મેતુસિંહ ગેમરસિંહ ઝાલાનું સારવાર દરમિયાન મોત નીપજતા હિંમતનગર સિવિલમાં પોસ્ટમોર્ટમ માટે લાવ્યા હતા જયાં તેમનું બુધવારે સવારે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ અંગે સિવિલના ડોકટરની જાણના આધારે વડાલી પોલીસે બુધવારે મોડી સાંજે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી જયારે હાલ પ્રસન્નબા મેડીસ્ટાર હોસ્પિટલમાં જયારે સિદ્ધરાજસિંહ અને રણજીતસિંહ હિંમતનગર સિવિલમાં સારવાર હેઠળ છે.

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનું ધો-૧૦નું પરિણામ ૯૦.૨૭ ટકા

ગાંધીનગર, તા.૫

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ધોરણ-૧૦નું ૯૦.૨૭ ટકા પરિણામ આવેલ છે. પરીક્ષામાં કુલ ૭૨ વિદ્યાર્થીઓ બેઠેલ હતા. જેમાંથી ૬૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. સ્કુલ ટોપર વિદ્યાર્થીને ૮૪.૫ ટકા ૫૦૭ માર્કસ મળેલ છે.

સ્ટ્રીટલાઈટ જાળવણીનું કામ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પુરવઠો સપ્લાય કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કંપની પાસે વીજ ઉત્પાદન અને સપ્લાયનું કાર્યભારણ વિશેષરૂપે હોવાથી શહેરોમાં જાળવણીના વિવિધ કામોની જવાબદારી સાંભળવાનું મુશ્કેલ બન્યું છે. આ સ્થિતિને ધ્યાને લઈને ગાંધીનગર શહેરમાં પણ સ્ટ્રીટ લાઈટની જાળવણીનું કામ સંભાળવાના મામલે ટોરેન્ટ પાવરે અનિચ્છા દર્શાવી છે. જેથી આગામી વર્ષમાં શહેરમાં સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેઈન કરવાની જવાબદારી વિદ્યુત વિભાગ અથવા કોર્પોરેશનના સિરે જાય તેવી શક્યતા છે.

જોશીનું રાજીનામું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોર્પોરેશનમાં બંધારણીય જગ્યાઓ ખાલી છે તો બીજી તરફ મંજૂર થયેલ મહેકમ પર પણ કર્મચારીઓની નિયુકિત થઈ શકી નથી. કોર્પોરેશનનું વહીવટીય પાસુ સચિવના રાજીનામાને પગલે વધુ નબળુ પડયું છે. કોર્પોરેશનમાં બંધારણીય જગ્યાઓ ભરવા સરકારમાં રજુઆતો કરવા છતાંય કોઈ પરિણામ હજુ સુધી આવ્યું નથી એટલું જ નહિ કોર્પોરેશનને માટે હજુ જગ્યા પણ પુરતી ફાળવવામાં આવી નથી.

ઈકોફ્રેન્ડલી ઘર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પરંતુ ગાંધીનગરવાસીઓ હજુ સોલર ઉર્જાનો યોગ્ય ઉપયોગ કરતા શીખ્યા નથી તેનો ડૉ. અનીલભાઈને અફસોસ છે. તેઓએ ઘરને બિનપરંપરાગત ઉર્જાથી પ્રકાશમાન કરવા માટે ૯૦ હજારનો ખર્ચ કર્યો છે તેઓ કહે છે કે કેટલો ખર્ચ થાય છે તેનો સવાલ નથી. સવાલ ઉર્જા સંકટને કઈ રીતે હળવુ કરવુ તે છે. વીજળી વેદા કરવા પ્લાન્ટ લગાડવા કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. લાખો ટન કોલસો બાળવો પડે છે. ત્યારે આપણા ઘરની લાઈટ ચાલુ થાય છે. એક અંદાજ મુજબ ૧ યુનિટ વીજળી પેદા કરવા માટે ૩ કિલો કોલસો બાળવો પડે છે. તેનાથી પેદા થતા કાર્બન ડાયોકસાઈડથી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સર્જાય છે. ડૉ. અનીલભાઈ કહે છે કે આપણે મકાન બનાવીએ ત્યારે સારામાં સારા આર્કીટેક્ટને રોકી ઘરને શણગારીએ છે, લાખો રૂપિયા ફર્નિચર પાછળ ખર્ચીએ છીએ ત્યારે જો બિન પરંપરાગત ઉર્જાનો ઉપયોગ કરીને વીજળી પેદા કરી શકે તેવા સાધનો લગાવવાની પહેલ ગ્લોબલ વોર્મિંગ અટકાવવા માટેનું આપણું પ્રથમ પગલુ બની રહે.

ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

મારું જુનું નામ ભાનુબહેન હંસકુમાર દીટનવાલા બદલીને ભાનુબહેન હિતેન્દ્ર સેઈલર રાખેલ છે.

સેક્ટર-૭/બી,
પ્લોટ નં. ૭૬૪/૨,
ગાંધીનગર-૩૮૨૦૦૭

શબ્દાવલી - ૫૪૧૦

૧		૨	૩	■	૪	૫	
	■	૬					■
	■	૭		■		■	૮
૯			■	૧૦		૧૧	
	■		■		■		■
■	૧૨	■	૧૩		■	૧૪	૧૫
૧૬		૧૭	■	૧૮	૧૯		
૨૦				■	૨૧		■

આડી ચાવી

૧. આરાધ્ય દેવની સાધના(૪)
૪. પરોઢ, સવાર (૩)
૬. દુબળો-પાતળો (૫)
૭. પડદો (૨)
૯. પાલનકર્તા (૩)
૧૦. સાવ નવું (૪)
૧૩. વરસાદ, મહુલિયો (૨)
૧૪. ચીડ, રિસાવું તે (૨)
૧૬. એક ફળ, સંતરું (૩)
૧૮. તકનો લાભ લેનાર (૪)
૨૦. 'સરભરા' શબ્દ અને આડોઅવળો (૪)
૨૧. ખાર, પાણીમાં મીઠાનો ભાગ (૨)

ઊભી ચાવી

૧. મિથ્યા, સાચું નહિ તેવું(૫)
૨. ધમાલ, મચાવવી (૫)
૩. હીરો, નાટકનો મુખ્ય કીરદાર (૩)
૪. પ્રગટ કરવું (૪)
૫. એક હથિયાર (૨)
૮. ગાન કરવું (૨)
૧૦. શિખામણ (હિન્દીમાં) (૪)
૧૧. સાગમટે, પરિવાર સાથે(૫)
૧૨. શરૂઆત (૩)
૧૫. ૧૦૦નો આંક, સેન્ચુરી(૨)
૧૬. ... ભાગ, વિનાશ (૨)
૧૭. ... નું જંગલ જયાં પ્રાણીઓ માટે અભ્યારણ્ય બનેલ છે (૨) (સોરાષ્ટ્રમાં)
૧૯. સ્તર, ધોરણ (૨)

શબ્દાવલી ૫૪૦૯ના જવાબ

આડી ચાવી :- (૧) અંગરખુ (૬) ગાજ (૭) રવેશ (૮) ખુશી (૯) કાસળ (૧૦) ખત (૧૨) આલમ (૧૩) કરભાર (૧૪) ડીનર (૧૬) રઢ (૧૭) સડો (૧૮) ગાભા (૨૦) આલ (૨૧) પાયલ

ઊભી ચાવી :- (૧) અંગારો (૨) ગજ (૩) ખુરશી (૪) આશકા (૫) મુશળધાર (૮) ખુતમડી (૧૦) ખલ (૧૧) ઉકરડો (૧૨) આચરણ (૧૫) નસલ (૧૮) ગાય (૧૯) ભાલ

તાળુ લગાવશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેક્ટરોમાં વધતા ઘરફોડ ચોરીના બનાવો સંદર્ભે એક તરફ પોલીસ પેટ્રોલિંગ વધારવા -બળ માંગ ઠવા પામી છે. બીજી તરફ તસ્કરી વૃત્તિ ડામવા આમ નાગરીકોમાં પણ જાગૃતિનો અભાવ વર્તાય છે. આ સઘળી સ્થિતિ વચ્ચે સેક્ટરોમાં ફરતા જાણભેદુ ઈસમો તથા ઘરફોડીયાઓ તક મળતા જ ઘરમાં ઘુસી હાથફેરો કરી લેવાનું ચુકતા નથી. આવા સંજોગોમાં પોલીસ તંત્ર માટે પણ ઘરફોડ ચોરીના ગુના ડામવાનું મુશ્કેલ બન્યું છે. વેકેશન અને રજાના સમયગાળા દરમિયાન બહારગામ જતા પરિવારજનો પોતાના બંધ મકાન અંગે પોલીસને માહિતગાર કરવામાં જાગૃતિ દાખવતા નથી. જયારે હવે પોતાના બંધ મકાનમાં પોલીસનું તાળું લગાવી કિંમતી દાગીના અને સરસામાન સલામત રાખવા નવતર -યોગ હાથ ધર્યો છે. સુરક્ષા સેતુની આ યોજના અન્વયે સેકટરોના બંધ મકાનને ઘરફોડ ચોરીથી બચાવવા પોલીસ દ્વારા મકાનમાલિકોને વિશેષ -કારનું તાળું આપવામાં આવશે. આ તાળું તોડવા કે ખોલવા માટે કોઈ પણ શખ્સ બળપૂર્વક -યત્ન કરશે તો સાયરન વાગી ઉઠશે અને નજીકમાં પેટ્રોલિંગ કરતી પોલીસને પણ જાણ થઈ જશે. -થમિક તબક્કે ૭૦૦ રૂપિયાની બજાર કિંમત ધરાવતા આ તાળાનું વેચાણ ૩૦ ટકા રાહતદર સાથે એટલે કે અંદાજે રૂ.૫૦૦ માં કરવામાં આવશે. વધુમાં -રંભિક તબક્કે પોલીસ દ્વારા ડીપોઝીટના આધારે પણ શહેરીજનોને આ સલામત તાળાની સુવિધા પૂરી પાડવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગેંગ ઝડપાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાગરીતે અબજીભાઈને મોબાઈલ પર કોલ કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે કાર પે એસીડ હમને ફેંકા થા..ચિઠ્ઠી મિલી કે નહિ.?અબજીભાઈએ કોઈ ચિઠ્ઠી મળી ન હોવાનું જણાવતા ઈન્તજાર કરો કહીને ફોન મૂકી દીધો હતો. બીજા દિવસે રૂ.૫ કરોડની ખંડણી માંગતો અને પરિવારજનો પર એસીડ ફેકવાની ધમકીભરી ચિઠ્ઠી મળતા અબજીભાઈ ચોંકી ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. આ સમગ્ર -કરણ સંદર્ભે જીલ્લા પોલીસ અધિક્ષક શરદ સિંઘલની સુચના મુજબ એલસીબી પી.આઈ આશુતોષ પરમાર તથા તેમની ટીમે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ દરમિયાન ગત સોમવારે ખંડણીખોર ગેંગે ફરી એક વાર અબજીભાઈને ફોન કરી કહ્યું હતું. પેસા તૈયાર હુવા ય નહિ? હા યા ના મે જવાબ દો..વરના નેક્સ્ટ એટેક ફેમેલી પે હોગા..બીજી તરફ ગઈ કાલે એલ.સી.બી પોલીસની ટીમે આ ગુનાના આરોપીઓને બાતમીના આધારે વોચ ગોઠવીને અડાલજ પાસે બાલાપીર ચોકડી પાસેથી ઝડપી લીધા હતા. વેગન આર ગાડીમાં જતા પકડાઈ ગયેલા આરોપીઓ ઘોડાસર અમદાવાદનો આશિષ અરવિંદ શાહ, સરસપુર અમદાવાદનો સત્ય-કાશ ઉર્ફે વિજયજ્ઞાન રાજપૂત તેમજ બહેરામપુરા અમદાવાદનો મીનેશ ઉર્ફે ટીનો રમેશ રાણાની પોલીસે ધરપકડ કરી લીધી હતી. પકડાયેલા આરોપીઓ પૈકી આશિષ મુખ્યસુત્રધાર છે. તે અબજીભાઈનો વીમા એજન્ટ હતો અને તેમની કાર બીએમડબલ્યુનો પણ વીમો તેને કર્યો હતો. અબજીભાઈની આર્થિક બાબતોથી તે વાકેફ હતો એટલે તેમને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. તે ઉપરાંત અમદાવાદના તેના પિતરાઈ ભાઈને પણ આશિષે આ જ એમ.ઓ થી ચાર દિવસ પહેલા ધમકી આપી હતી.તેમાં પણ તે નિષ્ફળ રઝ્ઝો હતો. પોલીસે આ તમામ બાબતોની તપાસ આરંભી છે.

વાવણીનો પ્રારંભ...● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરવઠો ઉપલબ્ધ થતાં હવે ખેડૂતોને સરળતાથી બિયારણ મળવા લાગ્યુ છે.

જિલ્લામાં કપાસનું વાવેતર કલોલ-માણસા અને ગાંધીનગર પંથકમાં સારૂ જોવા મળી રહ્યું છે. જ્યારે શાકભાજીના પાકોનું વાવેતર દહેગામ, માણસા અને ગાંધીનગરમાં સારૂ થશે તેવા અંદાજો છે. જિલ્લામાં ભીંડા સહિતની શાકભાજીનું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યું છે. ભીંડા, ચોળી, ગુવાર સહિતના પાકોનું વાવેતર શરૂ પણ થઈ ચુક્યુ છે. જો કે જે રીતે ગરમી પડી રહી છે તેને પગલે સારા ચોમાસાની આશા ખેડૂતો રાખી રહ્યા છે. કાકડી, ટામેટા અને ફેર રોપણીના મરચાના પાકનું વાવેતર પણ સારૂ થશે તેવો અંદાજ તંત્રના અધિકારી રાખી રહ્યા છે. જુવાર ઘાસચારાનું વાવેતર પણ સારૂ થશે આ ઉપરાંત બાજરીનું વાવેતર વધે તેવી આશા છે. ખાસ કરીને પશુધન માટે ઘાસચારાના પાકોનું વાવેતર પણ ૨૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થવાના અંદાજો છે.

કાળોકેર યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે પણ બપોરના સમયે વાહન વ્યવહાર અને લોકોની અવરજવર ખૂબ ઓછી થઈ ગી હતી અને લોકોએ બપોરના સમયે ઘર કે ઓફિસોમાં પુરાઈ રહેવુ વધુ મુનાસિબ માન્યુ હતુ. ગરમીના સમયમાં પણ ગાંધીનગરાઓનું પ્રિય પીણુ ચાની પણ હવે ઘરાકીમાં ઘટાડો સ્પષ્ટપણે જણાયો હતો તેની સરખામણીએ શેરડીના રસ અને લીંબુ શરબત કે સોડા સેન્ટર અથવા તેની લારીઓ પર ઘરાકી વધારે જોવા મળી હતી. નગરજનોએ આ આકરી ગરમીમાં બાળકોને બિમાર ન પડે તે માટે બહાર રમવા જતા અટકાવ્યા હતા અને બીજી તરફ ગણતરીના દિવસોમાં શરૂ થઈ રહેલી શાળાઓમાં ઉનાળુ વેકેશન આકરી ગરમીના કારણે એકાદ અઠવાડીયા જેટલુ લંબાવાય તેવી માંગ ઉત્તરોત્તર પ્રબળ બની રહી છે.

સાડી મોકલાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુમેળતા આવે તેવું ઈચ્છી રહ્યા છે તેની પ્રતીતિ કરાવવા પ્રયત્ન કર્યો હતો. શપથવિધી સમારોહમાં ભાગ લેવા આવેલા નવાઝ શરીફ ભારતમાં બે દિવસ રોકાયા હતા તે દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક બેઠક પણ યોજી હતી. આ બેઠક દરમિયાન હળવી પળોમાં નવાઝ શરીફે નરેન્દ્ર મોદીના તેમના તેમની માતા સાથેના દેશ્યો જોઈને પોતાના માતા ભાવુક થઈ ગયા હતા તે જણાવ્યું હતું. આ ભાવુકતાના પ્રતિભાવરૂપે નરેન્દ્ર મોદીએ નવાઝ શરીફને તેમની માતા માટે એક શાલ ભેટ કરી હતી.

નરેન્દ્ર મોદીની આ 'ગીફટ' પામીને નવાઝ શરીફના માતા ગદ્‌ગદીત થઈ ગયા હતા તે બાબતે નવાઝ શરીફના પુત્રી મરીયમે ટવીટ કરીને દુનિયાને જણાવ્યું હતું અને સાથે સાથે આ માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર પણ માન્યો હતો. હવે આ શુભેચ્છા ભેટના પ્રતિભાવ રૂપે નવાઝ શરીફે પણ નરેન્દ્ર મોદીના માતૃશ્રી હિરાબા માટે પાકિસ્તાનથી એક સાડી મોકલાવી છે જે આજે હિરાબાને મળી હતી. આમ, નરેન્દ્ર મોદીએ દિલ્હીની ગાદી સંભાળતા જ ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં એક એનોખો વળાંક આવતો દેખાઈ રહ્યો છે. અત્યાર સુધી નરેન્દ્ર મોદીએ તેમના પ્રશંસકો દ્વારા સોશિયલ મિડીયા પર પાકિસ્તાન બાબતે જે રીતના ચિતરવામાં આવતા હતા લગભગ તેનાથી તદ્દન વિરૂદ્ધ દિશામાં નરેન્દ્ર મોદીએ ભારત-પાક સંબંધોને લઈ જઈને એક ભાવનાત્મક જોડાણનું વાતાવરણ ઉભું કર્યું છે તે હવે ભવિષ્યમાં આ બંને દેશો વચ્ચે કેવા પ્રકારનું તાદાત્મ્ય બાંધી શકે છે તે જોવું રહ્યું.